## ‘મહોરાં’ પાછળની દુનિયા | નવનીત જાની

**[‘મહોરાં’ (વાર્તાસંગ્રહ)** : જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ, પ્ર. લેખક પોતે, ૯, ન્યૂ સૂર્યનારાયણ સોસાયટી ભા. ૧, રન્નાપાર્ક, અમદાવાદ, જાન્યુ. ૨૦૦૯, પૃ. ૪૮, કિં. રૂ. ૯૫/-]

જિજ્ઞેશ બ્રહ્મભટ્ટનો પ્રથમ વાર્તાસંગ્રહ ‘મહોરાં’ વાર્તાશ્રેણી અને ચિત્રશ્રેણીનું સંયુક્ત સંકલન છે. આ સંગ્રહમાં આપેલાં ૩૭ જેટલાં ચિત્રો અને પાંચ વાર્તાઓ (‘મહોરાં’, ‘(અનટાઇટલ્ડ)’, ‘ભ્રાંતિ’, ‘સુંદરીલોકમાં’ અને ‘નગરચર્યા’) વસ્તુલક્ષી સાતત્ય અને પરસ્પરાવલંબન ધરાવે છે.

‘મહોરાં’ની પાંચેય વાર્તાઓમાં વાંદરાભાઈ નાયક રૂપે છે. પણ એ કોઈ ‘સામાન્ય’ વાંદરો નથી. આ વાર્તાઓ હિતોપદેશ, ઈસપની બોધકથાઓ કે પંચતંત્રની યાદ જરૂર અપાવે છે; પરંતુ કથાવસ્તુ અને વસ્તુનિરૂપણની દૃષ્ટિએ નોખી તરી આવે છે. વાંદરાભાઈ માનવરીતિને અનુસરનાર એવું ચરિત્ર છે જે વાર્તાકારની કથનપ્રયુક્તિને વફાદાર રહેવાનો પ્રયાસ કરે છે.

વાર્તાસંગ્રહની પ્રસ્તાવના (જિજ્ઞેશકૃત ‘મહોરાં’ વિશે)માં સુમન શાહ કહે છે તેમ, કથક મોટે ભાગે બધું ‘કહે’ છે, જ્યારે વાંદરાભાઈ ઘણુંબધું ‘કરે’ છે. વાચકે વિચારવું એ રહે કે વાંદરાભાઈ વિશે કહેવાયેલું જે કંઈ છે તે કથક વિશે જ છે, કે કેમ ? અથવા ઊલટું, વાંદરાભાઈ જે કંઈ કેર છે તે, વાસ્તવમાં કથકે કરવાનું તો નથી કરતાને... (પૃ. ૩)

કથકનાં વાણી, વ્યવહાર અને વર્તનનું ત્રેવડું સૂત્ર સંભાળતા વાંદરાભાઈ માનવમનને વ્યક્ત કરનાર બની રહે છે. કહેણી અને કરણીમાં જેટલું મહત્વ વ્યક્તિચિત્રનું નથી એટલું ભાવાભિવ્યક્તિનું છે. માનવમન ભાવવિશ્વની અનેક ગલીઓમાં આવનજાવન કરતું રહે છે. મન મર્કટ સમું છે એ કહેણી પ્રચલિત છે. સર્જકે અહીં મનના મર્કટપણા પર પોતાની દૃષ્ટિ ઠેરવી છે.

‘મહોરાં’ વાર્તામાં કથકને અલગ અલગ મહોરાં બનાવી આપી, એનાં અસલ મહોરાંને વાંદરાભાઈ ક્યાંય ફંગોળી દે છે. કથક જ સામે ચાલીને વાંદરાભાઈની મદદ લેતો આવ્યો છે. કથક પોતે કબૂલે છે કે, ‘વાંદરાભાઈની આ આવડતનો આપણે ભરપૂર લાભ ઉઠાવ્યો.’ આ લાભ ઉઠાવવાની વૃત્તિથી સ્વત્વ ખોઈ બેઠેલા કથકને થાય છે કે ‘લાખો મહોરાંમાં મારો સાચો ચહેરો ક્યાં ?’ ખાલી ધડ લઈને ફરતાં માનવોનો દુનિયામાં તોટો નથી. માનવે અનેક પ્રાપ્તિ કરી છે એની પાછળનું પરિશ્રમી બળ ‘મહોરાં’ તો નથીને ? આ વાર્તામાં કથનની રસાળતા અને વાર્તા અંતે કોબી – અરીસાની પ્રયુક્તિ ધ્યાનપાત્ર બની રહે છે.

(અનટાઇટલ્ડ)નો પરિવેશ ઇન્દ્રોડા પાર્ક છે. વાર્તાકથકના અતીત અને વર્તમાનને લક્ષ્ય કરતી વાર્તા, વાર્તાકથક અને એની પ્રિયતમા વચ્ચેના પ્રણયની વિફલતા પડછે પ્રકૃતિના અવનવા રંગો દર્શાવે છે. વાર્તાકારે આ વાર્તામાં પ્રકૃતિની સ્થૂળતાને ઓગાળવાનો પ્રયાસ કર્યો છે. સ્થળરૂપાન્તરણ સાથે કાળરૂપાન્તરણ ‘આજ’ અને ‘ગઈ કાલો’નું એકબીજા પર થતું આરોપણ વાર્તાની આસ્વાદ્ય શૈલી-વસ છે.

‘ભ્રાંતિ’ના કથકને વાંદરાભાઈ સાથેના વ્યવહારો હંમેશાં ઉપકારક થઈ પડે છે. વાંદરાભાઈ કથકનાં બધાં કામ કરી આપે છે. કથક ઉલ્લાસને આ બધું ગમે છે પણ જ્યારે વાંદરાભાઈ એની પ્રિયતમા મીનાક્ષીને પણ ઝૂંટવી જાય છે, ત્યારે ઉલ્લાસને થાય છે કે પોતાની ઉપેક્ષા માટેનો પોતે જ તખ્તો તૈયાર કર્યો છે. સત્તાકેન્દ્રી માનવવૃત્તિનો જિજ્ઞેશે ઉપહાસ કર્યો છે. ભ્રાંતિમય વ્યવહારોને પોતાના જ વ્યવહારો રૂપે જોવા એ ઉલ્લાસની આદત છે. અને આ આદત જ એને સત્તાના – વાંદરાભાઈની સત્તાના કોચલામાં પૂરતી જાય છે. અહીં ‘હું’પણાની ભ્રાંતિ અને એમાંથી છૂટવાની નાયકની છટપટાહટ વાર્તાનો આસ્વાદ્ય અંશ છે.

‘સુંદરીલોક’માં અને ‘નગરચર્યા’માં વાંદરાભાઈની ‘શક્તિમાન’ ઇમેજનાં દર્શન થયા છે. આ બન્ને વાર્તાઓમાં ફૅન્ટસીનો કસ કાઢવા મિશે વાંદરાભાઈનાં એકદમ જુદાં જ રૂપોનાં દર્શન થાય છે. આ બંને વાર્તાઓ (બીજી વાર્તાઓમાં પણ) વાંદરાભાઈના વર્તનવ્યવહારોનું અતિશયોક્તિભર્યું નિરૂપણ જરૂર થયું છે પણ ‘વાંદરાભાઈ’ એવી ઓળખને બાજુ પર મૂકી આ વાર્તાઓ જોવાની હોઈ એમાંનું કશું ગેરવાર્તિક નથી જણાતું. જગતભરની સુંદરીઓ જેમની એક ઝલક પામવા ઉત્સુક છે એવા વાંદરાભાઈ હાઇપ્રોફાઇલ પર્સનાલિટીનું પ્રતિનિધિત્વ કરે છે.

‘નગરચર્યા’માં વાંદરાભાઈ મહારાજશ્રીની ભૂમિકા લઈને સામે આવે છે. છકડો લઈને નીકળેલા વાંદરાભાઈ જોતજોતામાં માણસોના રસાલાથી ઘેરાયેલા, સૂર્ય શી કાંતિવાળા, હીરા-પોખરાજ મઢેલો મુગટ ધારણ કરેલા મહારાજશ્રી બની જાય છે ! એ ત્રિલોકની નગરચર્યાએ નીકળ્યા છે. અને પ્રકૃતિનાં તમામ તત્ત્વો એમની તહેનાતમાં ઊભાં છે. એનું વર્ણન ઘણું આસ્વાદ્ય છે.

‘‘શરણે આવેલા ખંડિયા રાજા જેવા પર્વતો દૂર દૂર સુધી પડ્યા’તા, ‘જય હો’ કરીને સાષ્ટાંગ પ્રણામ કરતા. રાજાજીની કૃપાદૃષ્ટિ ધુમ્મસ થઈને વીંટળાઈ વળી એમની ચોપાસ; ‘જાવ, આ વર્ષનો કર વસૂલ તમારો’ ને ‘ધન્ય હો’, ‘ધન્ય હો’ કરતી ટેકરીઓ સાવ પાસે આવી આવીને મહારાજનાં ચરણોમાં આળોટી પડી.’’ (પૃ. ૩૮)

આ વાર્તાઓની રજૂઆતરીતિ આજની વાર્તાથી ઘણી અલગ પડે છે. રજૂઆતમાં ભાષાની તાજગી અને કલ્પનાવિહારનો ધસમસતો પ્રવાહ આપણને આકર્ષે છે. જેમકે, ‘‘મહારાજે પાસે જઈ સૂરજના કપાળ પર ઘઅ...સ્સીને અંગૂઠો ફેરવ્યો ને મેશ તો ઊતરી ગઈ. ચમ્મ ચમ્મ કરતું સૂરજનું કપાળ ઝગમગવા લાગ્યું.’’ (પૃ. ૩૯)

વાર્તાકાર પોતે અચ્છા ચિત્રકાર છે એટલે એની ભાષામાં ચિત્રાત્મકતા હોય એ સ્વાભાવિક લાગે. પણ મને આ ચિત્રાત્મકતામાં ચિત્રકળાની ચિત્રાત્મકતા નથી ભળાતી એટલી સાહિત્યકળાની ચિત્રાત્મકતા ભળાય છે. એ વર્ણનોમાં ટૂંકાં વાક્યો જેટલી સહજતાથી પ્રયોજી શકે છે એટલી સહજતાથી લોકકહેણીનોય આશ્રય લઈ શકે છે; વાર્તાકારની નિરૂપણરીતિની આ વિશિષ્ટતા છે.

દરેક વાર્તામાં પોતાની આગવી ઓળખ ઉપસાવતા વાંદરાભાઈ મનુષ્યનું પ્રતીક નથી એટલું મનનું પ્રતીક છે. જિજ્ઞેશે વાર્તાનિમિત્તે જે ચિત્રણ કરવા ધાર્યું છે એ મનુષ્યનું નહીં, મનનું છે. એ રીતે જોતાં આ વાર્તાઓ મનનું બાહુલ્ય ધરાવે છે. મનનું વર્ચસ આ વાર્તાઓનું વસ્તુ છે. વાર્તાકારે પ્રયોગશીલતાનો ડંકો વગાડ્યા વિના વાર્તાકર્મ દાખવ્યું છે. જિજ્ઞેશની આ વાર્તાઓ રન-વે ઉપર છે અને એ ઘણી આશા જગાવે છે.

પ્રથમ પુરુષ એકવચનની કથનપદ્ધતિથી લખાયેલી આ પાંચેય વાર્તાઓ અલગ અલગ માનવભાવોનાં ચિત્રોથી સજ્જ છે. વાર્તાને પામવાનો એક અવકાશ આ ચિત્રો દ્વારાય સાંપડે છે. જોકે, વાર્તા પોતે જ અલગ અભિવ્યક્તિનું માધ્યમ હોઈ વ્યંજનાસ્તરે અલગ જ આસ્વાદ્ય જણસ બની રહેતી હોય છે. ‘મહોરાં’ની વાર્તાઓ એ દૃષ્ટિએ વાંચવા જેવી ખરી જ.